**એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, અમદાવાદ કોર્ટ કોર્ટ નં.૩૧**
**(નેગોશીચેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કોર્ટ)**

**ક્રિમીનલ કેસ નં.: 1490-2016**

**આંક–૦૧ તળે હુકમ:**

૧. આજરોજ પોકાર કરાવતાં ફરીયાદી તથા ફરીયાદીના વિ.વકીલશ્રી ગેરહાજર છે, કેસનું રેકર્ડ ધ્યાને લીધું.

૨. આ કામે હાલની ફરીયાદ વર્ષ **2016** ની છે, રેકર્ડ જોતાં આજરોજ પણ ફરીયાદી તથા ફરીયાદીના વિ.વકીલશ્રી ગેરહાજર રહેલા.

૩. આ કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૬ ની કાયદાકીય જોગવાઈ ફરીયાદીએ દરેક મુદતે કોર્ટ કાર્યવાહીમાં જાતે અથવા વિ.વકીલશ્રી મારફત હાજર રહેવાનું હોય છે કારણ કે ફરીયાદીએ ફરીયાદ દાખલ કરેલ હોય જેથી કોર્ટ કાર્યવાહી ચલાવવા ફરીયાદીએ હાજર રહેવું જોઈએ તેવો સ્પષ્ટપણે ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૬ની કાયદાકીય જોગવાઈ કરવામાં આવેલ છે.

૪. આ કામે રેકર્ડ જોતાં ફરીયાદી સતત ગેરહાજર રહેતા હોય ફરીયાદને ફરીયાદીની ગેરહાજરીના કારણે વર્ષો સુધી પેન્ડીંગ રાખી કોર્ટની પેન્ડેન્સીમાં વધારો ફરીયાદીની ગેરહાજરીને કારણે કરવો વ્યાજબી જણાતો ન હોય તેમજ કાયદો જાગતા વ્યકિતને મદદ કરે તે સિધ્ધાંત ધ્યાને લેતાં તથા નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા INDIAN BANK ASSOCIATION V/S. UNION BANK OF INDIA ના ચુકાદામાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયે તમામ ક્રિમીનલ કોર્ટને કેસો ઝડપી ચલાવવા ડાયરેકશન આપેલ હોય તેમ છતાં ફરીયાદી કોર્ટ કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય ત્યારે કાયદાકીય જોગવાઈ મુજબ ફરીયાદી તથા ફરીયાદીના વિ.વકલીશ્રી ગેરહાજર હોઈ, જેથી પણ હાલની ફરીયાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૬ મુજબ રદ થવાને પાત્ર હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

હાલનો ક્રિમીનલ કેસ ફરીયાદીની બેદરકારી અને અપુરતાં રસના કારણે "**રદ**" કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામના આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. અને આરોપીઓ સામે જો કોઈ પ્રોસેસ ઈસ્યુ થયેલ હોય તો તેને રદ ગણવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખ : ૦૪–૦૫–૨૦૨૪

સ્થળ : અમદાવાદ

(પ્રજ્ઞેશ સુધિરચંદ્ર સુચક)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
નેગો.ઈ.એકટ કોર્ટ નં. ૩૧, અમદાવાદ.
(GJ01118)